# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય
☏ (૦૭૯) ૨૩૨૫૪૫૦૬ (ઓ), ૨૩૨૫૪૩૭૭ (ઘ),
૨૩૨૫૯૭૬૦ (ફેક્સ), ૧૦૫૪૩૭૭ (GSWN)
EMail Address: jtdiredp-dat@gujarat.gov.in

'વિમા અને લેખા ભવન" બ્લોક નં. ૧૭,
ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ, એમ.એલ.એ.ક્વાર્ટર
સામે, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર-૩૮૨૦૧૦

નંબર :– હિતિનિ/ટીસી/ફા.૧૩૪/પુનઃ સ્થાપન/૬૫૦-૬૯૫ તા. ૨૪-૧-૨૦૦૭

વિષય :– પેન્શન રૂપાંતરીત ભાગનું ૧૫ વર્ષ બાદ પુનઃસ્થાપન કરવાની કાર્યપધ્ધતિ બાબત.

પરિપત્ર ક્રમાંક :– ૨/૨૦૦૭

ઉપરોક્ત વિષય પરત્વે ગુજરાત મુલ્કી સેવા પેન્શન નિયમો–૨૦૦૨ના નિયમ ૧૦૧(૨)ની જોગવાઈ અન્વયે આપનું ધ્યાન દોરતાં જણાવવાનું કે, નિવૃત સરકારી કર્મચારીને રૂપાંતરીત પેન્શનના હિસ્સાનું ૧૫ વર્ષે પુનઃસ્થાપન કરવાનું રહે છે.

ઉક્ત બાબતે જણાવવાનું કે, પેન્શનર નિયત નમુનામાં અરજી કરે ત્યારે પેન્શનના પુનઃસ્થાપનની કાર્યવાહી અરજી મળ્યા તારીખથી દિન ૧૫માં અચુક થઈ જાય તે જરૂરી છે. કે જેથી પેન્શનરને મુશ્કેલી ન પડે આથી પેન્શનર તરફથી તેઓના પેન્શનના પુનઃસ્થાપન માટે નિયત પ્રોફોર્મામાં નિયમોનુસાર અરજી તિજોરી અધિકારી/પેટા તિજોરી અધિકારીને મળે ત્યારથી ૧૫ દિવસમાં અચુક નિકાલ કરવા અને કરવામાં આવેલ કાર્યવાહીની જાણ પેન્શનરને કરવા અંગેની કાર્યપધ્ધતિ અમલમાં લાવવા સુચના પાઠવવામાં આવે છે. જો કોઈ સંજોગોમાં પેન્શનરની રજુઆત નિયમ મુજબ સ્વીકારી શકાય તેમ ન હોય તો તે અંગે પણ પેન્શનરને દિન–૧૫ની સમયમર્યાદામાં અચુક જાણ કરવાની રહેશે.

નાયબ નિયામક

નકલ રવાના :–

(૧) શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
જિલ્લા તિજોરી કચેરી
......................... (તમામ)

(૨) તિજોરી અધિકારીશ્રી(પેન્શન), પેન્શન ચુકવણાં કચેરી, અમદાવાદ.

નકલ સવિનય રવાના :–

ઉપસચિવશ્રી,(પી–શાખા) નાણાં વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ તેઓના તા.૨૯/૧૧/૦૬ના પત્ર ક્રમાંક પરચ–૨૦૦૫–૫૪૯–પી અન્વયે જાણ સારૂ.